અપીલ અરજી નં.૨૦૩ તા.૧–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી પારૂલબેન વલ્લભભાઈ કાકડીયા

સામાવાળાઃ–(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન
(૨) ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પારૂલબેન વલ્લભભાઈ કાકડીયાની તા.૧૦/૧૩ –૮– ૦૯ ની અરજીથી ડોકટર વલ્લભભાઈ નાનજીભાઈ કાકડીયાની સુરત મુકામે ક્રિષ્ના ચિલ્ડ્રન હોસ્પીટલ અને નિયોનેટીકલ કેર સેન્ટર ગોપાલ દર્શન બીજે માળે પારસ પોલીસ ચોકી સામે, કતારગામ સુરતનાં રે.સ. નં.૪૪૭ માં આવેલ કોમ્પ્લેક્ષમાં તેમની માલીકીની હોસ્પીટલ આવેલ છે. વિગેરેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૦૩/૨૦૦૯–૧૦

શ્રી પારૂલબેન વલ્લભભાઈ કાકડીયાની તા.૧૦/૧૩–૮–૦૯ ની ડોકટર વલ્લભભાઈ નાનજીભાઈ કાકડીયાની સુરત મુકામે ક્રિષ્ના ચિલ્ડ્રન હોસ્પીટલ અને નિયોનેટીકલ કેર સેન્ટર ગોપાલ દર્શન બીજે માળે પારસ પોલીસ ચોકી સામે, કતારગામ સુરતનાં રે.સ. નં.૪૪૭ માં આવેલ કોમ્પ્લેક્ષમાં તેમની માલીકીની હોસ્પિટલ આવેલ છે. વિગેરેની માહિતી આપવા બાબતે આઈ ડી. નં.૧૨૬ તા.૧૮–૮–૦૯ અંગે આપેલ માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત તેમજ નારાજગીના કારણો અંગે આધાર/પુરાવા કે વાજબીપણાના કારણો વિગેરે વિવરણ તથા અરજીમાં જાહેર માહિતી અધિકારી આવકવેરા વિભાગ ભાવનગરના નિર્ણયથી નારાજ હોવાનું જણાવેલ અને તેની સામે અપીલ દાખલ કરેલ હોવાનું જણાવેલ છે. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ લાગત જાહેર માહિતી અધિકારીના ઉપરી અધિકારી જેઓ અપીલ અધિકારી હોય તેમને અપીલ કરવા જણાવતો પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૭ તા.૧૩–૧૦–૦૯ થી અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાનમાં અરજદાર તરફથી દિન–૧૫ માં કોઈ વિગતો ન મળતાં અત્રેના દફતરે ખાતાકીય રીતે મુળ અરજીની વિગતે મળેલી માહિતીના આધારે લાગત શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૮ તા.૨૮–૧૦–૦૯ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૦/૧૩–૮–૦૯ ની અરજીથી ડોકટર વલ્લભભાઈ નાનજીભાઈ કાકડીયાની સુરત મુકામે ક્રિષ્ના ચિલ્ડ્રન હોસ્પીટલ અને નિયોનેટીકલ કેર સેન્ટર ગોપાલ દર્શન બીજે માળે પારસ પોલીસ ચોકી સામે, કતારગામ સુરતનાં રે.સ. નં.૪૪૭ માં આવેલ કોમ્પ્લેક્ષમાં તેમની માલીકીની હોસ્પિટલ આવેલ છે. જે મિલ્કતો ઘરવેરા વિભાગમાં નોંધાયેલ છે તે મિલ્કતોના એસેસી ઘર નંબર તથા વાર્ષિક કેટલો ઘરવેરો, સફાઈ વેરા, શિક્ષણવેરો અને પાણીવેરો ચૂકવે છે? તે અંગેની માહિતી તથા આસામીએ સુરત મહાનગરપાલિકાના ટાઉન ડેવલપમેન્ટ વિભાગની મંજુરી મેળવી કેટલા મકાનો બનાવેલ છે તે મિલ્કતોના કમ્લીશન સર્ટીફીકેટ અને રજાચિઠ્ઠીની સર્ટીફાઈડ નકલની માહિતીની માંગણી કરેલ છે. જેના અનુસંધાને ડે.કમિશ્નર(૫અનેઈ) અને નોડલ ઓફિસર તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧૪ તા.૧૭–૮–૦૯ થી ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને અરજી તબદીલ કરવામાં આવેલ. કતારગામઝોનના કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી એન.ઝેડ/આરટીઆઈ/જાવક નં.૩૪૬૨ તા.૩૧–૮–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ અને એન.ઝેડ/આરટીઆઈ/જાવક નં .૩૪૬૦ તા.૩૧–૮–૦૯ થી ટાઉન પ્લાનર અને મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને તથા એન.ઝેડ/આરટીઆઈ/જાવક નં.૩૪૬૫ થી તા.૩૧–૮–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોનને પણ અરજી તબદીલ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૩૬૩૪ તા.૭–૯–૦૯ થી ડોકટર વલ્લભભાઈ નાનજીભાઈના નામે કેટલા મકાનો બનાવેલા છે? અને મિલ્કતોના કમ્પલીશન સર્ટી અને રજાચિઠ્ઠીની સર્ટીફાઈડ નકલ અંગે શહેર વિકાસ ખાતાના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબની નકલો આપી શકાતી નથી. તેવી માહિતી આપેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૭૭૧ તા.૯–૯–૦૯ થી મજુકર અરજદારના નામે સેન્ટ્રલઝોન વિસ્તારમાં કોઈ પ્લાન મંજુર થયેલ નથી.તેવી માહિતી તથા જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી સા.ઝોન/અકણ/આરટીઆઈ/૯૯૪ તા.૧૬–૯–૦૯ થી આકારણી દફતરે મજુકર અરજદારના નામે કોઈ મિલ્કત નથી. તેવી માહિતી તથા વરાછાઝોન તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૫૦ તા.૫–૧૦–૦૯ થી મજુકર અરજદારના નામે કોઈ પ્લાન મં જુર કરવામાં આવેલ નથી. આવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં

આઈ ડી નં.૧૨૬ તા.૧૮–૮–૦૯ ના નિર્ણય સામે તા.૧–૧૦–૦૯ ની અપીલ અરજી કરી જાહેર માહિતી અધિકારી અને આવકવેરા અધિકારી આવકવેરા વિભાગની કચેરી જસીનાથ સર્કલ, મોતીબાગ પાછળ, ભાવનગરના નિર્ણયથી નારાજ થઈ અપીલ કરુ છું તેવું જણાવેલ છે . જે અંગે અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૭ તા.૧૩–૧૦–૦૯ થી જાહેર માહિતી અધિકારી આવકવેરા વિભાગ ભાવનગરના નિર્ણયથી નારાજ હોવા બાબતે આરટીઆઈ કાયદાની કલમ૧૯(૧) હેઠળ લાગત જાહેર માહિતી અધિકારીના ઉપરી અધિકારી જેઓ અપીલ અધિકારી હોય તેમને અપીલ કરવાની રહે છે તેવો પત્ર પાઠવવામાં આવેલ છે. તથા તા.૧૮–૮–૦૯ ના રોજ માંગેલ માહિતી બાબતે અપીલ અરજીમાં ખોટી અને ગેરમાર્ગે દોરતી અધૂરી માહિતી મળેલ છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે પરંતુ તે અંગે અપીલ સાથે કે અપીલ તબકકે તેવા કારણોના આધાર કે વાજબીપણું તા.૧૩–૧૦–૦૯ નો પત્ર પાઠવી તક આપવા છતાં પણ અરજદારે કોઈ વિગતો રજૂ કરેલ નથી તેમજ અપીલ તબકકે દર્શાવેલ સમયગાળો ૨૦૦૦ થી ૨૦૦૯ પણ મુળ અરજીથી અલાયદી રજૂઆત કરવામાં આવેલ છે. તથા અપીલ અરજીમાં આઈ ડી નં.૧૨૬ તા.૧૮–૮–૦૯ ના પત્ર સંદર્ભે નારાજગી વ્યકત કરેલ છે. જે અંગે અરજદારે માંગેલ માહિતી કતારગામ વિસ્તારમાં ડો. વલ્લભભાઈ નાનજીભાઈ કાકડીયાના નામે કેટલા મકાનો બનાવેલ છે? તે મિલ્કતોના કમ્પલીશન સર્ટી. અને રજાચિઠ્ઠીની નકલો શહેર વિકાસ ખાતાની ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબની નકલો આપી શકાતી નથી તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેમજ અન્ય ઝોન ઉધના,સેન્ટ્રલઝોન તરફથી પણ તેમના નામે કોઈ પ્લાન મંજુર થયેલ નથી તેની વિગતો પૂરી પાડેલ છે. તથા ઉધનાઝોન તરફથી આકારણી દફતરે તેમના નામે કોઈ મિલ્કત નથી તેવી માહિતી પૂરી પાડેલ છે. અરજદારે મુળ અરજીમાં તેનું સરનામું શ્રી પારૂલબેન વલ્લભભાઈ કાકડીયા, અક્ષદીપ કોમ્પ્લેક્ષ, ડી–૧૦૫, ચોથા માળ, શાસ્ત્રીનગર, ભાવનગર દર્શાવેલ છે. જયારે અપીલ અરજીમાં તેનું સરનામું શ્રી પારૂલબેન વલ્લભભાઈ કાકડીયા,સી–૧૨, શીવરંજની સોસાયટી,સ ેટેલાઈટ રોડ, અમદાવાદ– ૩૮૦૦૧૫ દર્શાવેલ છે. આમ મુળ અરજી અને અપીલ અરજીમાં અરજદારે અલગ અલગ સરનામાં દર્શાવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ક્રિષ્ના ચિલ્ડ્રન હોસ્પિ. તથા ડો.વલ્લભભાઈ નાનજીભાઈ કાકડીયાના નામે કેટલા મકાનો તથા રજાચિઠ્ઠી અને કમ્પલીશન બાબતે અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અપીલ તબકકે અરજદાર નારાજગીનું કારણ અપીલના આધાર તથા પ્રતિ પક્ષકાર જાહેર માહિતી અધિકારી સ્પષ્ટ કરી શકેલ ન હોય અપીલનું કારણ સ્પષ્ટ થતું ન હોઈ અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન,(૨) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)…. જાણ તથા અમલ માટે

(૨) શ્રી પારૂલબેન વલ્લભભાઈ કાકડીયા,